| | જનસંપર્ક અધિકારી,<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર<br>પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૮/૦૨/૨૦૨૫ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**સી.આર.પી.સી.કલમ ૮૨/૮૩ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૨૫૬/૨૦૨૫**

વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૪૮/૨૦૧૬ ઈપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૨૯૪ (ખ), ૧૧૪ મુજબ તથા સ્પે.(એટ્રો) કેસ નં.૭/૨૦૨૦ મુજબ ગુનાના કામે આરોપી દિપુ સ/ઓ કલ્યાણસિંગ રાજપુત (રહે. મ.નં.૦૬ ગજાનંદપાર્ક સોસાયટી વિંઝોલ રોડ વટવા અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી બી.બી.જાદવ સાહેબ, સેશન્સ જજ કોર્ટ નં.૧૭ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૩/૦૩/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ, ૧૯૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૮૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૫૫ બિયર ટીન, ૨ કાર, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૨૫૯/૨૦૨૫**

**રખિયાલઃ** રખિયાલ ધવલ એસ્ટેટમાં આવેલ ટેકવેલ કોર્પોરેશન કંપની ખાતે નોકરી કરતા રાજેશ ભાસ્કરભાઇ બાબુલ (ઉ.વ.૫૩) (રહે. શાંતિનિકેતન સોસાયટી ડી-કેબીન સાબરમતી) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રાજેશ બાબુલ કંપનીનો માલ ડીસ્પેચ કરવાનું તથા પેમેન્ટ લેવડ-દેવડનું કામ કરતા હોય તા.૧૭/૦૨/૨૦૨૫ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે આંગડીયા પેઢીમાંથી કંપનીના નાણાં લઈ રખિયાલ અવાજ ઘરના મેદાન નજીકથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ અને અન્ય એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષોએ ભેગા મળી ત્રણ પુરૂષોએ રાજેશ બાબુલને ઉભા રખાવી બોલા-ચાલી કરી પલ્સર મોટર સાયકલના ચાલકે રાજેશ બાબુલના એકટીવાની ચાવી કાઢી લઇ ઝપા-ઝપી કરી રાજેશ બાબુલને માર મારી એક પુરૂષે રાજેશ બાબુલના એકટીવાની ડેકી ખોલી એકટીવાની ડેકીમાંથી રૂપિયા ૬,૩૦,૦૦૦/- સાથેની બેગ લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૨૬૦/૨૦૨૫**

**ચાંદખેડાઃ** દલબીરસિંઘ સ/ઓ કેહરસિંઘ ધારીવાલ (ઉ.વ.૭૦) (રહે. પદમ પ્રભુનગર જનતાનગર ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે ચાંદખેડા નિગમનગર શ્રીજી પ્રકાશનગર મ.નં–એ/૨ ખાતે દલબીરસિંઘ ધારીવાલના ઈલેક્ટ્રીકલ સ્ટોર ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા આરોપી (૧) બાદલરાજ વિરેંદ્રપ્રસાદ યાદવ (૨) રોહનકુમાર સ/ઓ સંજીવકુમાર યાદવ (૩) બીજયકુમાર રામબાબુ માંડલ અને (૪) સતિષકુમાર શિવશંકર ખિલહરી(તમામ મુળ વતન. વોર્ડ નં–૩ માનીકચંદ ચકલા તા–રાઘોપુર જી–સુપોલ બિહાર) એ ભેગા મળી તા.૧૬/૦૨/૨૦૨૫ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે  સ્ટોર ખાતેથી છોટા હાથી નંબર જીજે ૦૧ કેટી ૬૯૪૪ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦ /–, સ્ટોરના ઈલેક્ટ્રીકલ ટૂલ બોક્સ કિટ નંગ–૨ કિમત રૂપિયા ૭૦,૦૦૦/– તેમજ વાસણો કિમત રૂપિયા ૧૫,૦૦૦ /– મળી કુલ રૂપિયા ૪,૮૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૨૬૧/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** રાકેશભાઇ સ/ઓ બચુભાઇ પંચાલ (ઉ.વ.૩૧) (રહે, વિનાયક સિટી ભાવિક સ્કુલ સામે ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષસિંહ નટવરસિંહ ચલાવે છે.

**અમરાઈવાડીઃ** ઝરણા ડો/ઓ શૈલેશભાઇ સોલંકી (ઉ.વ.૧૯) (રહે. શિવાનંદનગર સત્યમનગર નાગરવેલ અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૨/૨૦૨૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.પરમાર ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી